# ‘પરિવાર’

‘પરિવાર’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.



## આ મારો પરિવાર

સ્વર્ગથી સારો, સપનાથી પ્યારો, આ મારો પરિવાર,
સુખસંપથી રહે છે બધાં, ખુશીઓ છે પારાવાર.
દાદાદાદી હિંચકે બેસીને મજાથી હિંચકા ખાય,
આવતાંજતાં સૌ ઉપર નજરો એમની વર્તાય,
વંદન કરીને આશીર્વાદ લેતાં, સૌ પર લૂંટાવે પ્યાર.
માતાપિતા મારા એવાં, જો ને લાડ લડાવે કેવાં,
અરમાનો કરે પૂરાં એવાં, ખુશીઓ છલકાવે તેવાં
સદાય મળજો અમને તમારાં લાડ,પ્યાર, દુલાર.
હળીમળીને બધાં રહે છે, ઝડપથી કામ થાય,
એકમેકના સંપથી મુસીબતો ભાગી જાય,
અમારે આંગણે સદા છલકતી ખુશીઓ પારાવાર.
જાયે છે લોકો કાશી, મથુરાને પછી હરિદ્વાર,
સૌ કોઈ કાજે ખુલ્લાં છે અમારા ઘરનાં દ્વાર,
નથી મજા અમને તીર્થોમાં, મજાનો છે ઘરપરિવાર.

**યોગેશભાઈ આર જોશી (હાલોલ)**

## એવો હોય પરિવાર

સ્નેહની ગાંઠે ગંઠાતી એ માળા
સુખ હોય કે દુઃખ સૌ હોય ભેળા
એવો હોય પરિવાર
વિચારોમાં વિવિધતા
છતાં નિર્ણયમાં એકતા
સમસ્યા કે પ્રશ્નો આવે
છતાં સુસંગતતા અકબંધ
એવો હોય પરિવાર
છત્રછાયાનો સ્નેહ છલકાતો
પરસ્પર સંબંધનો સેતુબંધ રચાતો
બાળકોના કલશોરથી ગૂંજતો
અતિથિ પણ ઈચ્છા કરે
એવો હોય પરિવાર

**મીના.બી.જોશી. (બીલીમોરા)**

## ‘પ્રકૃતિ’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. આ વખતનો વિષય છે. ‘પ્રકૃતિ’. તમારી મૌલિક કૃતિ અમને 06-06-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.
Email:sannari@gujaratmitra.in — સંપાદક

## મારો પરિવાર

પ્રેમભાવથી ધબકતો મારો પરિવાર,
આનંદે ઉલ્લાસે ટહુકતો મારો પરિવાર.
સવારસાંજ સાથે જમતો મારો પરિવાર,
દાદા-દાદીથી મઘમઘતો મારો પરિવાર.
પ્રાર્થના -ભજન ગાતો મારો પરિવાર,
ઘર જ મંદિર બનતો મારો પરિવાર
સુખ અને દુઃખનો સાથ મારો પરિવાર,
સૌનો બનતો સંગાથ મારો પરિવાર.
પ્રેમભાવથી છલકાતો મારો પરિવાર,
પ્રકૃતિને જોતા મલકાતો મારો પરિવાર.
સ્નેહના દ્રાવણે રંગીન મારો પરિવાર
સૌહાર્દ ભાવનાથી સંગીન મારો પરિવાર
રાષ્ટ્રપ્રેમ એ જ મારો પરિવાર,
આખું વિશ્વ છે મારો પરિવાર.
દુઃખના પ્રસંગે એકત્ર મારો પરિવાર.

**- જગદીશ મ. પટેલ (સુરત)**

## ગઝલ

હસતો, રમતો પરિવાર છે
હરતોફરતો પરિવાર છે
વસવાટ વૃક્ષો પર છે જેમનો
સૌને ગમતો પરિવાર છે
ઝુંડમાં રહીને કાયમ
ગગનમાં વિહરતો પરિવાર છે.
સવાર-સાંજ ડાળ પર જુઓ,
ખુદાનો-શુક્ર કરતો પરિવાર છે
માણસ માટે મિસાલ છે,
સંપીને રહેતો પરિવાર છે.

**- ઇમરાનખાન ચાંદ (મુ.પો. કઠોર )**

ઓરડે કલશોર કરે કબીલો
બુઢાપો ખોંખારથી છલકે
--------
બે ઘડીનો ખેલ છે તું આવ જલ્દી દીકરા
દાદીમા ભીના દિલે કાગળ લખાવે છે અહીં
--------
એવો દી ઉત્તરાર્ધમાં ન આવે કોઈનો
છત બાર કે દીવાલને જોયા કરો તમે

**- રમેશ ગાંધી**



## સાચો પરિવાર

સ્નેહના તાંતણે બંધાયો છે પરિવાર,
દુઃખમાં સધિયારો છે પરિવાર.
પરિવાર વિના છે અધૂરો સંસાર,
સાચો સાથી ને પથદર્શક છે પરિવાર.
હૂંફ અને હિમ્મત આપી મજબૂત બનાવે,
ફૂલ એકલું ક્યાં ગુલદસ્તો છે પરિવાર.
લડતાઝઘડતા પણ સાથે રહે,
મુસીબતમાં પડખે રહે એ જ સાચો પરિવાર.

**- હિતેન્દ્ર ટેલર (નવસારી)**

## એક દિ’ શ્રી હરિ ફરવા નીકળ્યા

ને રડતું ઘર એક દીઠું,
પછી પ્રભુએ કારણ જાણી
મનગમતું સઘળું દીધું!
અહા!! પછી તો ઇંટો હસતી, ઉંબર હરખાતો,
લીલો આસોપાલવ ટોડલે લહેરાતો!
વડીલો આસોપાલવ ટોડલે લહેરાતો!
વડીલોની આવનજાવન, આદર, સન્માન ને વંદન,
ઘરને થાતું મારું આંગણિયું તો જાણે વૃંદાવન!
શિશુઓ કેરા કલરવથી ખૂણે ખૂણો ચહેકે,
રસોડે અન્નપૂર્ણાની ચૂડીઓ રણકે!
એક રડે તો સઘળાં રડતાં,
ના એકબીજાને નડતાં!
હું મોટો તું નાનોના ભેદ જરીએ,
કે ના નાણાંનાં નાદ જરીએ!
ગર્વથી ઘર હસતું માને પ્રભુનો ઉપકાર,
હોય સુંદર પરિવાર તો ઘરને ય હરખ અપાર!!

**- રીટા સંજય વશી (સુરત)**

## પરિવાર

જીવનસાથીની શોધ શરૂ થાય,
અનુકૂળ સંબંધે જીવન જોડાય.
બે કુટુંબનું ગઠબંધન થાય,
પતિ-પત્નીનો નવસંસાર રચાય.
વેવાઈ-વેવાણ, વધુ ને વર,
સ્નેહથી બંધાય સંબંધોના ઘર.
સાસુ-સસરા, નણંદ-દિયર,
વિવિધ રૂપે ખીલે પરિવાર.
જેઠ-જેઠાણી પ્રેમ વરસાવે,
દિયર દેરાણી હાસ્ય લુટાવે.
બાળગુંજનથી આંગણું મહેકે,
મા-બાપ બની હૈયું હરખે.
દાદા-દાદી વાર્તા સંભળાવે,
સંસ્કારોથી જીવન મહેકાવે.
નાના-નાની, મામા-મામી,
લાગણીઓની વહે નદી નિરાળી.
સુખમાં સાથે, દુઃખમાં આધાર,
એ જ તો સાચો પરિવાર.
ન્યાય અને સમજણ જ્યાં આધાર,
સુખી બને છે સદાય એવો પરિવાર

**- સીમા પરીખ (સુરત)**

## નંદવાયો પરિવાર મંથરાના કારણે...!

(અછાંદસ)
મંથરાની વસ્તી વધી
પરિવાર નંદવાયો, પિંખાયો.
હતાં આપણે એક ડાળના પંખી
હવે થયા ડાળવિહોણા
સ્વાર્થ- સંકુચિત ભાવના,
વિભક્ત કુટુંબના પરિણામે
પરિવારના વૃદ્ધજનો
પરિવાર બન્યો :વૃદ્ધાશ્રમના
સમસંવેદનાયુક્ત
પુત્રોથી તરછોડરાયેલો
નવો પરિવાર!
પિતાના નાનકડા ઘરમાં વસી શકે ત્રણચાર પુત્રો,
પણ ન વસાવી શકે પુત્રો,
તેના આલીશાન બંગલામાં
પોતાના માતા-પિતાને!
વિભક્ત પરિવારે,
પરિવારને
બનાવી દીધો છે નિરાધાર, અપંગ, પાંગળો.
-હવે શબ્દકોશમાંથી
દૂર કરવાની ફરજ પડશે...
શબ્દ - ‘પરિવાર’

**- રમેશ પટેલ (સુરત)**

લાગણીથી ગૂંથાયેલો માળો
એટલે ‘પરિવાર’
-સંગુ કમલ શાહ, સુરત.

